દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર

ગુજરાતમિત્ર ૧૬૪ વર્ષ

મંગળવાર ૨૪ નવેમ્બર, ૨૦૨૬

ઓપરેશન સિંદુર વખતે ચીને પાકિસ્તાનને મદદ કરી હતી તે હવે પુરવાર થઈ ગયું છે

ગયા વર્ષે કાશ્મીરના પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલા પછી ભારતે ઓપરેશન સિંદુર હાથ ધર્યું અને પાકિસ્તાનના વિસ્તારોમાં આવેલા ત્રાસવાદી કેમ્પો નષ્ટ કરવાની કામગીરી હાથ ધરી તે પછી ફાટી નિકળેલી લડાઇમાં ચીને પાકિસ્તાનને મદદ કરી હતી કે કેમ? તે અંગે ઉઠતા સવાલોનો હવે જવાબ સ્પષ્ટ જણાય છે કે ચીને પાકિસ્તાનને આડકતરી મદદ કરી જ હતી. વધુને વધુ પ્રમાણમાં એવા અહેવાલો અને અભિપ્રાયો આવી રહ્યા છે કે ચીને પાકિસ્તાનને મદદ કરી જ હતી. ભારતીય અધિકારીઓ, સંરક્ષણ વિશ્લેષકો અને અમેરિકી કોંગ્રેસના એક અહેવાલ મુજબ, ભારતના 'ઓપરેશન સિંદૂર' બાદ મે 2025માં થયેલા સંઘર્ષ દરમિયાન ચીને સીધી રીતે લડાઈમાં ઉતર્યા વિના પાકિસ્તાનને સમર્થન આપ્યું હતું. સંઘર્ષ દરમિયાન પાકિસ્તાને ચીન દ્વારા પૂરા પાડવામાં આવેલા લશ્કરી સાધનોનો ઉપયોગ કર્યો હતો, જેમાં J-10 (J-10CE) ફાઇટર એરક્રાફ્ટ, PL-15 એર-ટુ-એર મિસાઇલો અને HQ-9 એર ડિફેન્સ સિસ્ટમનો સમાવેશ થાય છે. ચીને સ્થળ પર તકનીકી સહાય પણ પુરી પાડી હતી. મે 2026માં, ચીનના સરકારી મીડિયાએ એવિએશન ઇન્ડસ્ટ્રી કોર્પોરેશન ઓફ ચાઇના(AVIC) ના એન્જિનિયર ઝાંગ હેંગનો એક ઇન્ટરવ્યુ પ્રસારિત કર્યો હતો, જેમાં તેમણે પુષ્ટિ કરી હતી કે સંઘર્ષ દરમિયાન J-10CE જેવા સાધનોની કાર્યક્ષમતા વધારવામાં મદદ કરવા માટે તેમણે અને અન્ય ચીની કર્મચારીઓએ પાકિસ્તાનમાં સ્થળ પર રહીને તકનીકી સહાય પૂરી પાડી હતી. પાકિસ્તાનને ચીને ગુપ્તચર માહિતી પણ પુરી પાડી હતી અને સર્વેલન્સમાં મદદ કરી હતી એ પણ વ્યાપક શક્યતા છે. ભારતીય લશ્કરી અધિકારીઓએ સંકેત આપ્યો છે કે યુદ્ધ દરમિયાન પાકિસ્તાનને ચીન તરફથી રિયલ-ટાઇમ ગુપ્તચર માહિતી, સેટેલાઇટ તસવીરો અથવા સૈન્ય તૈનાતી અંગેના ઇનપુટ્સ મળ્યા હોઈ શકે છે. અહેવાલો જણાવે છે કે ચીને પ્રાદેશિક દબાણ વધાર્યું હતું–જેમાં ભારતના એક્સક્લુઝિવ ઇકોનોમિક ઝોન(EEZ) નજીકના જળવિસ્તારમાં એક સર્વે જહાજ તૈનાત કરવાનો સમાવેશ થાય છે–જેનાથી ભારત સામે 'ટુ-ફ્રન્ટ' સુરક્ષા પડકાર અંગેની ચિંતાઓ વધુ ઘેરી બની હતી અને દેખીતી રીતે ભારત પર મનોવૈજ્ઞાનિક દબાણ વધ્યું હતું.

હાલમાં અમેરિકાની એક સંસદીય સમિતિએ તેના અહેવાલમાં જણાવ્યું છે કે, ગયા વર્ષે 'ઓપરેશન સિંદૂર' દરમિયાન ચીને પાકિસ્તાનને આપેલું સૈન્ય સમર્થન એ ભારતના ઉદયને દબાવવાની વ્યાપક વ્યૂહરચનાનો એક ભાગ હતો. 'યુએસ-ચાઇના ઇકોનોમિક એન્ડ સિક્યોરિટી રિવ્યુ કમિશન'એ તેના વાર્ષિક અહેવાલમાં એ વાત પર પણ ભાર મૂક્વામાં આવ્યો છે કે ચીન ભારતને નિયંત્રણમાં રાખવા માટે સરહદ પર સૈન્ય દબાણ અને ઔદ્યોગિક પુરવઠા પરના નિયંત્રણોનો ઉપયોગ કરી રહ્યું છે. અહેવાલમાં એ પણ જણાવવામાં આવ્યું છે કે ભારતને ભીંસમાં લેવા માટે ચીને વાસ્તવિક અંકુશ હરોળ(એલએસી) પર પોતાની ગતિવિધિઓ વધારી અને ચીન પર ભારતની નિર્ભરતાનો લાભ ઉઠાવીને જરૂરી વસ્તુઓના પુરવઠામાં અવરોધ ઉભો કરવાનો પ્રયાસ કર્યો. ચીનની આવી રણનીતિનો સામનો કરવા માટે કમિશને અમેરિકા અને ભારત વચ્ચે ગુપ્તચર માહિતી, દરિયાઈ સુરક્ષા અને મેન્યુફેક્ચરિંગ ક્ષેત્રે વધુ ગાઢ સહયોગ સાધવાની હાકલ કરી છે. જો કે અમેરિકી સરકાર તેના પર અમલ કરે છે કે કેમ? તે એક જુદી બાબત છે. પોતાના અહેવાલમાં આ સમિતિએ એશિયામાં ચીનનો સામનો કરવામાં ભારતના મહત્વને સ્પષ્ટપણે દર્શાવ્યું છે. આ સમિતિએ ભારતને અમેરિકી જોડાણ પ્રણાલીની બહારની એવી ગણતરીની શક્તિઓમાંની એક ગણાવ્યું છે, જે એશિયામાં સત્તાનું સાનુકૂળ સંતુલન ઊભું કરી શકે છે. આ ઉપરાંત, ભારતને ચીનના ઉત્પાદન અને સપ્લાય ચેઇનના એક મુખ્ય વિકલ્પ તરીકે પણ ઓળખાવવામાં આવ્યું છે. સીધી અમેરિકી સંસદને રિપોર્ટ કરતી આ સમિતિએ કહ્યું, ભારત અમેરિકી જોડાણ પ્રણાલીની બહારની એવી જૂજ શક્તિઓમાંની એક છે, જે ચીન સાથેની લાંબા ગાળાની સ્પર્ધાને નક્કર રીતે પ્રભાવિત કરવાની ક્ષમતા ધરાવે છે.

ભારત અને પાકિસ્તાન વચ્ચે ત્રણ દિવસ સુધી ચાલેલા સંઘર્ષનો આ અહેવાલમાં ખાસ ઉલ્લેખ કરવામાં આવ્યો છે. અહેવાલમાં નોંધવામાં આવ્યું છે કે, આ સંઘર્ષે દર્શાવ્યું કે ચીન પોતે સીધા યુદ્ધમાં ઉતર્યા વિના સંકટ સમયે તેના સદાબહાર મિત્ર પાકિસ્તાનને કેવી રીતે મજબૂત બનાવી શકે છે. અહેવાલમાં જણાવાયું છે કે, પાકિસ્તાન સાથે ચીનની વિકસતી સૈન્ય ભાગીદારીએ ભારત માટે બે મોરચે યુદ્ધની સ્થિતિને એક અત્યંત ગંભીર ચિંતાનો વિષય બનાવી દીધી છે. આ પંચે અરૂણાચલ પર ચીનના દાવા અને હિંદ મહાસાગરમાં તેના નૌકાદળની વધતી હાજરીને ભારતની સુરક્ષા માટે ચિંતાની બાબત ગણાવી છે. જો કે ચીને ફક્ત ગયા વર્ષની લડાઇ વખતે જ પાકિસ્તાનને મદદ કરી હતી તેવું નથી, તેણે કારગીલ યુદ્ધ વખતે પણ પાકિસ્તાનને મદદ કરી હોવાનું જણાવતા અહેવાલો છે. ચીન અને પાકિસ્તાન સદાબહાર મિત્રો તરીકે જાણીતા છે અને બંનેની ભારત પ્રત્યેની શત્રુતા જાણીતી છે તેથી ભારતે જ બંને મોરચે સજાગ રહેવું પડશે.

અંતરાત્માની અદાલત

એક જાણીતા વેપારીની શહેરમાં મોટી પ્રતિષ્ઠા હતી. તેની દુકાનમાં હંમેશા ગ્રાહકોની ભીડ રહેતી. એક સફળ વેપારીમાં તેમની ગણના થતી હતી. એક દિવસ તેનો ઇન્ટરવ્યુ લેવા પત્રકારો ઘરે આવવાના હતા અને વેપારી ઇન્ટરવ્યુ આપવા તૈયાર થતા હતા અને તેમણે પત્ની અને દીકરાને પણ તૈયાર થવા કહ્યું. તેમના દીકરાએ પૂછ્યું ''પપ્પા, કેમ બધા તમારો ઇન્ટરવ્યુ લેવા આવવાના છે?''

વેપારીએ હસીને કહ્યું, ''હું જીવનમાં બધું મેળવીને સફળ થયો છું એટલે...'' નાનકડા દીકારાએ તરત પૂછ્યું, ''પપ્પા, તમે આટલા સફળ કેવી રીતે બન્યા?''

વેપારીએ કહ્યું, ''મેં ક્યારેય કોઇ તક હાથમાંથી જવા નથી દીધી. તું પણ મારી આ વાત હંમેશા યાદ રાખજે. હંમેશા ફાયદો થતો હોય તે તક છોડવી નહિ સમજ્યો.''

દીકરાએ ફરી પૂછ્યું, ''પછી ભલે એ ફાયદો મેળવવા માટે કોઇનું નુકસાન કરવું પડે તો પણ?''

નાનકડા દીકરાની આ વાત સાંભળી વેપારીને જરા આંચકો લાગ્યો ત્યારે તો તેઓ ચૂપ રહ્યા અને જેમતેમ ઇન્ટરવ્યુ પૂરો કરી પોતાના રૂમમાં જતા રહ્યા. એ રાત્રે તેમને એક જૂની ઘટના યાદ આવી. વર્ષો પહેલાં એક નાના વેપારીએ હિસાબમાં ભૂલથી તેને વધારે પૈસા આપ્યા હતા. વેપારીએ એ પૈસા પાછા આપ્યા નહોતા. એ રકમ વેપારી માટે બહુ મોટી ન હતી પરતું પેલા નાના વેપારી માટે બહુ નાની પણ ન હતી, પણ એ ઘટના આજે તેના મન પર હાવી થઈ ગઈ.

ચાર્જિંગ પોઇન્ટ
હેતા ભૂષણ

બીજા દિવસે તેણે એ નાના વેપારીની તપાસ કરી, શોધ્યો. નાનો વેપારી ઈમાનદારીથી પોતાનો વેપાર કરતો હતો અને ખુશ હતો. મોટા વેપારીને પોતાની દુકાને આવેલા જોઇ તે રાજી થયો. મોટા વેપારીએ વર્ષો પહેલાંની હિસાબની ભૂલને કારણે નાના વેપારીએ આપેલા વધારે પૈસા અને પોતાની વધારે પૈસા પાછા ન આપવાની લુચ્ચાઇનો સ્વીકાર કર્યો અને માફી માંગી આજ સુધીનું વ્યાજ ગણી પુરા પૈસા પાછા આપ્યા.

નાના વેપારીએ આશ્ચર્યથી પૂછ્યું, ''આટલાં વર્ષો પછી તમને આ વાત કેવી રીતે યાદ આવી? મને તો ખબર જ નથી કે મારી હિસાબમાં ભૂલ થઈ હતી.''

વેપારીએ કહ્યું, ''દુનિયાની અદાલતમાં કે તારી નજરમાં હું ક્યારેય દોષિત સાબિત થયો નહોતો, પણ મારા નાના દીકરાના એક સવાલે મારા અંતરાત્માને ઝંઝોડી નાખ્યો. કોઇને ભલે ખબર ન હતી કે મેં વધારે પૈસા લીધા છે પણ મારો અંતરાત્મા તો આ વાત જાણતો જ હતો અને અંતરાત્માની અદાલતમાં હું દોષી હતો પણ ત્યારે હું માત્ર મારો ફાયદો જ જોતો હતો, બીજું કંઇ જ નહિ. આજે મારા દીકરાના એક સવાલે મને મારી ભૂલ સમજાવી કે આપણા ફાયદામાં બીજા કોઇનું નુકસાન ન થવું જોઇએ તે ખાસ જોવું જરૂરી છે.'' નાના વેપારીને પૈસા ચૂકવી વેપારી હળવા થયા.

માતૃભાષામાં ઉચ્ચ શિક્ષણ અને સંશોધન થાય તો વાંધો શું ?

શિક્ષણ-સંસ્કાર

કાર્તિકેય ભટ્ટ

માત્ર એટલું જ કહેવામાં આવ્યું કે જેઓ માત્ર અંગ્રેજી સમજે છે તેઓ આવતા અઠવાડિયે પરીક્ષા આપે, જેને ફ્રેન્ચ સમજાય એ અત્યારે આપે

તાજેતરમાં યુરોપિયન દેશોમાં શિક્ષણ અને સંશોધનની ચિંતા કરનારી એક સંસ્થાએ તારણ આપ્યું છે કે જો ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓમાં સંશોધન માટે અંગ્રેજીનો ફરજિયાત આગ્રહ રાખવામાં આવશે તો સંશોધનની ગુણવત્તાને અસર પડશે. ભારતમાં પણ નવી શિક્ષણ નીતિમાં હવે માતૃભાષામાં સંશોધનને માન્ય ગણવા પર ભાર મૂકવામાં આવ્યો છે. આમ છતાં આપણી માનસિકતા એવી છે કે અંગ્રેજીમાં થાય તેને જ રાષ્ટ્રીય કે આંતરરાષ્ટ્રીય સ્તરનું સંશોધન માનીએ છીએ.

દુનિયામાં ભારત એકમાત્ર એવો દેશ છે જ્યાં શિક્ષણમાં પોતાની ભાષાનું મહત્ત્વ નથી. ફ્રાન્સમાં ફ્રેન્ચ, જર્મનીમાં જર્મન અને ચીનમાં ચાઈનીઝ ભાષામાં પ્રાથમિકથી પીએચ.ડી. સુધીનું શિક્ષણ મેળવી શકાય છે. નેધરલેન્ડમાં નાગરિકતા મેળવવા માટે ત્યાંની ડચ ભાષા શીખવી જરૂરી છે. તમે ગમે એટલાં વર્ષ ત્યાં રહો, પણ નાગરિકત્વ મેળવતાં પહેલાં ત્યાંની ભાષાની પરીક્ષા આપવી જ પડે. માત્ર આટલું જ પૂરતું નથી. આ દેશો ઉચ્ચ શિક્ષણ પણ પોતાની ભાષામાં આપે છે. વિદેશી વિદ્યાર્થીઓ માટે અંગ્રેજીમાં પ્રેઝન્ટેશન થાય છે, પણ અંગ્રેજીમાં જ ભણાવવું ફરજિયાત નથી. હમણાં જ ફ્રાન્સની જાણીતી યુનિવર્સિટીમાં માસ્ટર્સના વિદ્યાર્થીઓની પરીક્ષામાં પ્રશ્નપત્રનું અંગ્રેજી વર્ઝન છપાયું ન હતું. માત્ર ફ્રેન્ચમાં જ હતું. આથી કોઈ હોબાળો થયો નહીં. માત્ર એટલું જ કહેવામાં આવ્યું કે જેઓ માત્ર અંગ્રેજી સમજે છે તેઓ આવતા અઠવાડિયે પરીક્ષા આપે, જેને ફ્રેન્ચ સમજાય એ અત્યારે આપે.

શિક્ષણમાં પણ આપણને મળેલા મહાન લેખકો અને કેળવણીકારો પોતપોતાની માતૃભાષામાં ભણ્યા હોવા છતાં સારા અંગ્રેજીના જાણકાર પણ હતા જ. જવાહરલાલ નહેરુ કહેતા કે માણસને જે ભાષામાં સપનાં આવે તે તેની ભાષા. આ વાત આજે એટલે કરવી પડે છે કે ભાષાના શિક્ષણ અને શિક્ષણના માધ્યમ તરીકે ભાષાના ભેદને આપણે ત્યાં તજજ્ઞો ભૂલતા જાય છે. ગુજરાતીમાં આ લાભ મળી શકે? આ પ્રશ્નોના જવાબ માટે બન્યું ગુજરાત યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ અને સમાજશાસ્ત્રો, વિજ્ઞાનના તમામ પુસ્તકો ગુજરાતી ભાષામાં પૂરાં પાડવાના પ્રયત્નો થયા. પણ છેલ્લાં વર્ષોમાં એક તરફ ખાનગી યુનિવર્સિટીઓ વધી, બીજી બાજુ પ્રજામાં અંગ્રેજી માધ્યમનો મોહ વધ્યો અને ઉચ્ચ શિક્ષણની દેશભરમાં શિક્ષણ નીતિના અમલ માટે નિર્ણયો કરનારા કોણ જાણે કેમ અંગ્રેજીની ગુલામી છોડતા જ નથી અથવા તો એમને એ ગુલામી દેખાતી જ નથી.

ગુજરાતમાં ગુજરાત યુનિવર્સિટીમાં મગનભાઈ દેસાઈએ ગુજરાતી માધ્યમમાં ઉચ્ચ શિક્ષણની શરૂઆત કરી ત્યારે અનેકેએ આ માધ્યમને મગન માધ્યમ તરીકે ઉતારી પાડ્યું. પરંતુ ઉચ્ચ શિક્ષણ માતૃભાષામાં પણ લઈ શકાય એવી જોગવાઈ ભારતના બંધારણીય હક્કો પ્રમાણે હતી એ બહુ ઓછા લોકોએ કહ્યું.

ગુજરાતમાં ઉચ્ચ શિક્ષણનું માધ્યમ ગુજરાતી બને તો ગુજરાતના વિદ્યાર્થીને વિશ્વકક્ષાના જ્ઞાનનો લાભ કેવી રીતે મળે? દુનિયાની ભાષામાં થયેલાં સંશોધનો આ વિદ્યાર્થીઓ સુધી કેવી રીતે પહોંચે? જિજ્ઞાસુ વિદ્યાર્થીને સંસ્થાઓ માટે નીતિ ઘડનારાઓના મૂળ ભારત સાથેના નાતામાં ઓટ આવી. એટલે યુજીસી જેવી માર્ગદર્શક સંસ્થાએ નિયમ બનાવ્યો કે વ્યક્તિ પીએચ.ડી. કરે તો ભાષા સિવાયના તમામ વિષયોમાં તેનો સંશોધન લેખ એટલે કે થીસિસ અંગ્રેજીમાં જ હોવો જોઈએ.

એટલે ગુજરાતનો વિદ્યાર્થી અર્થશાસ્ત્ર, સમાજશાસ્ત્ર જેવા કોઈ પણ સામાજિક વિજ્ઞાનમાં પીએચ.ડી. કરે તો તેણે થીસિસ અંગ્રેજીમાં જ આપવો પડે. આખા ગુજરાતમાં એવું શરૂ થયું કે વિદ્યાર્થી સંશોધન ભલે ગુજરાતીમાં કરે, પણ ફાઇનલ થયા પછી આખા નિબંધનું અંગ્રેજીમાં ટ્રાન્સલેશન કરીને જ તેને થીસિસ જમા કરાવવો પડે. આ ખોટું છે. સંશોધનની ગુણવત્તા મહત્ત્વની છે, ભાષા નહીં. પીએચ.ડી.ની માન્યતાના માપદંડો અઘરા હોય એ સ્વીકારી શકાય. સંશોધન ખરા અર્થમાં સંશોધન હોય એવી માગણી યોગ્ય છે. એડમિશન લે એ બધા જ પીએચ.ડી. થઈ જાય એવું ન હોવું જોઈએ. પણ અંગ્રેજીમાં થીસિસ આપે એ જ પીએચ.ડી. થાય એ વાત ખોટી છે, બંધારણની વિરુદ્ધ છે.

આપણા બંધારણે આપણને માતૃભાષામાં શિક્ષણનો અધિકાર આપેલો છે. એ મેડિકલથી માંડીને પીએચ.ડી. સુધી મળવો જોઈએ. આપણો દેશ વિવિધતામાં એકતા ધરાવે છે અને ખૂબ મોટો પણ છે. આપણા એક રાજ્યની વસ્તી જેટલા તો દુનિયામાં દેશો છે, છતાં એ લોકો પોતાની માતૃભાષામાં શિક્ષણ આપે છે. તો છ કરોડની વસ્તીવાળું ગુજરાત પોતાની ભાષામાં શિક્ષણ કેમ ન આપી શકે? નવી શિક્ષણ નીતિના મુસદ્દામાં આ બાબત પર પણ વિચારવું જરૂરી છે.

સરકાર દરેક વખતે ખોટી નથી હોતી. હાલની સરકાર વારંવાર આ મુદ્દો ચર્ચે છે કે આપણે એન્જિનિયરિંગ અને તબીબી સહિતના અભ્યાસક્રમોનાં ભારતીય ભાષામાં પુસ્તકો તૈયાર કરીએ. ઓછામાં ઓછો હિન્દીમાં તો વિકલ્પ મળવો જ જોઈએ. જો સરકાર આ કહી રહી છે તો એમાં ખોટું શું છે? પણ સરકારે નવી શિક્ષણ નીતિના અમલ પ્રસંગે આ બાબતોને નિયમનું રૂપ આપવાની જરૂર છે અને પ્રાથમિકથી ઉચ્ચ શિક્ષણ સુધી બધે જ બે ભાષામાં વિકલ્પ આપવાની જરૂર છે. દરેક રાજ્યમાં પોતાની માતૃભાષામાં ભણવાની છૂટ મળે તો કદાચ પ્રાદેશિક વિરોધાભાસો પણ દૂર થાય.

સમય વિચારવાનો છે, વધુ વિકલ્પ આપવાનો છે.

- આ લેખમાં પ્રગટ થયેલા વિચારો લેખકના પોતાના છે.

બધું જ સરસ સરસ છે...!

મંગલ મસ્તી

રમેશભાઈ ચાંપાનેરી 'રસમંજન'

તણખલા ઉપર ચઢીને ભલે દરિયો કાપતા હોઈએ, પણ કોઈ પૂછે કે, 'શું ચાલે છે યાર?' તો તેની સામે 'મુસીબત-ચાલીસા' વાંચવા ના બેસાય

શ્વાસની ફેક્ટરીને ધમધમતી રાખવી હોય તો ભાવ અને સ્વભાવમાં બાંધછોડ તો કરવી પડે મામૂ! ગમે તે હાલત હોય, ચહેરાને હસતો રાખો. એટલું જાણી લો, વાઈફ તો દૂરની વાત, લબડેલું મોંઢું રાખનારની સાથે કૂતરા પણ ભાઈબંધી રાખતા નથી. ચોઘડિયા પ્રમાણે સંજોગો બદલાતા હોય છે. જીવનમાં આંટી-ઘૂંટી કે તડકો-છાંયડો આવે તો જ જીવન ઘડાય. ઘડામણ વગરનું જીવન મથામણવાળું બને છે, એ મગજમાં રાખવાનું. આ તો જિંદગી છે મામૂ! એમાં ક્યારેક વન (જંગલ) પણ આવે ને નંદનવન પણ આવે. સહેજ દુઃખ આવે એટલે દુઃખણાની દુકાન ખોલીને બેસી ના જવાય. રાત પછી પ્રભાત આવવાનું છે, એવી ખુમારી રાખવાની. તણખલા ઉપર ચઢીને ભલે દરિયો કાપતા હોઈએ, પણ કોઈ પૂછે કે, 'શું ચાલે છે યાર?' તો તેની સામે 'મુસીબત-ચાલીસા' વાંચવા ના બેસાય. તમાચો મારીને ગાલ લાલ બતાવી એમ જ કહેવાય કે, 'બધું સરસ સરસ છે.' ઘરમાં ભલે ઉંદરડા 'રેસલિંગ'ના દાવ ખેલતા હોય! આ તો જેવું સૂઝ્યું તેવું ફૂંક્યું! બાકી, સંજોગો આપણા ગુલામ નથી, પણ આપણે ૧૦૦ ટકા સંજોગોના ગુલામ છીએ! દશા બેસે ત્યારે જીવતરના બધાં સમીકરણો બદલાઈ જાય. મીઠાબોલા માનવીનું મધ પણ વેચાતું નથી અને મવાલી ઝવેરચંદનું ઝેર સોનાના ભાવે પણ વેચાય! કોઈના ભેજામાં દુઃખણાં નાખવાથી આપણી લીલાલહેર આવતી નથી. ખબર છે ને? તાજી મેથીની ભાજી આમ તો શિયાળામાં જ વધારે મળે, પણ બારેય માસ મેથી મારવાવાળાનો દુકાળ પડતો નથી. સામેવાળાની મેથી મારવા માટે જ અમુક તો ધરતી ઉપર પ્રગટ થતા હોય. આ તો એક વાત કે, ચેતતા રહીએ તો સુખને પામીએ! સ્વામી વિવેકાનંદજીએ એક વાત કહેલી કે, 'આપણી નબળાઈ કોઈને કહેવી નહીં. કોઈ પૂછે કે, 'આજકાલ શું ચાલે છે?' તો એટલું જ કહેવાનું કે, શાંતિ છે અને બધું સરસ સરસ છે! રોજ સવારે ઊઠીને ભલે શાંતિ યજ્ઞ ના કરતા હોઈએ તો પણ આવો જ રેડીમેડ જવાબ અપાય, જેથી સામેથી બીજા પલાખા તો આવે નહીં! જગતમાં એવો એક પણ જણ નથી કે, જેના ઘરમાં વાસણો ખખડતાં ના હોય. ઓફિસના ઉપરી અધિકારીએ જેનો ક્યારેય 'ક્લાસ' ના લીધો હોય. પોચી પોચી વાતમાં પણ વાઈફે જેને ખખડાવ્યો ના હોય! તમે ગળામાં ૧૦૮ લીંબુ-મરચાંની માળા પહેરીને ફરો, તો પણ આ આફત તો રહેવાની. માટે મોઢા ઉપર સ્મિતને ફેવિકોલથી ચોંટાડીને જ રાખવાનું, તો જ જીવાય! આફતમાં પણ આનંદમાં રહેવાનો કીમિયો એટલે સસ્તું-સહેલું અને સુગંધી તકિયાકલામ, 'બધું જ સરસ સરસ છે!' આ માત્ર સોનેરી સૂત્ર નથી, જીવતરનું મોટામાં મોટું સુરક્ષા-કવચ છે!

જિંદગીની આ જ તો મજા છે રમેશ, દુઃખમાં દરિયાનાં પાણી ભલે ખારાં હોય, પણ ભીતરમાં મોતી ભરેલાં છે!

મગજ બગડવાના 'એપિ-સેન્ટર' પણ જાણવા જેવાં છે મામૂ! સવારે ઊઠતાની સાથે પત્નીએ હાથમાં આપેલી ચામાં ભલે ભલીવાર ના હોય, પણ 'આહ'ને બદલે જો 'વાહ' બોલીએ તો કાળ ચોઘડિયું પણ શુભ લાગવા માંડે. જો ભૂલથી પણ એમ કહેવાઈ ગયું કે, 'ચામાં કંઈ સ્વાદ નથી,' તો તમારી બધી પેઢીની યાદ તાજી કરાવી દે! તે તો અલગ, આખા દિવસનું હવામાન પણ બગાડે ને વાવાઝોડું પણ ફૂંકાવા માંડે. જે માણસ સમય પ્રમાણે શકુની જેવા પાસા નાખે, એને ક્યારેય કમોસમી માવઠાં આડાં આવતાં નથી. પણ ઘણાને વાંસળી વગાડવાને બદલે સળી કરવાની આદત હોય. કોઈના લગ્નપ્રસંગમાં જાય ત્યાં પણ સખણા રહે નહીં. યજમાન પૂછે કે, રસોઈ કેવી લાગી સાહેબ? તો 'ફર્સ્ટ ક્લાસ' બોલીને વાર્તા પૂરી કરવાને બદલે, રસોઈનો ખર્ચ પોતે ઉપાડવાનો હોય એમ ટીકા કરે કે, 'દાળ ટેસ્ટી હતી, પણ દાળમાં પાણી હતું કે પાણીમાં દાળ હતી એ સમજાયું નહીં. મટર પનીરના શાકમાં વટાણા થોડા કાચા હતા. કાશ્મીરી પુલાવમાં કાશ્મીર જેવું કંઈ દેખાયું નહીં. ગુલાબજાંબુમાં મીઠાશ કરતાં મંચુરિયનની વાસ વધારે હતી. ભજ્જીયાં પાણીમાં બોળીને ખાવા પડે એટલાં કડક લાગ્યાં. વગેરે વગેરે!' તારા કપાળમાં કાંદા ફોડું, યજમાનના ખભે હાથ મૂકીને હસતાં હસતાં એટલું જ કહેવાય કે, 'જમવાનું બહુ સરસ હતું હોં! ' આટલું બોલીએ તો યજમાનને પણ રાજીપો થાય કે, બીજા પ્રસંગમાં ભાઈનું નામ આમંત્રણની યાદીમાંથી કાપવા જેવું નથી! સોશિયલ મીડિયામાં આવતાં 'કેપ્શન'નો અભ્યાસ કરીએ તો જણાશે કે, લોકો કેવી મીઠી મીઠી વાછટ નાખતા હોય! વાંચીએ તો પણ મધુપ્રમેહ થઈ આવે એવી! અમુક તો ઋષિઓના વારસદાર હોય એમ ખોટી ખોટી ડીંગો જ નાખતા હોય. ઘરમાં રોજનાં 'ગૃહયુદ્ધ' ચાલતાં હોય છતાં પતિ-પત્નીના ફોટાઓ સોશિયલ મીડિયા પર હસતા મૂકે! આ બધી 'સરસ-સરસ' દેખાડાની માયાજાળ કહેવાય! સોશિયલ મીડિયા પર 'વસુધૈવ કુટુંબકમ'નાં પાછળ ઘૂસી ગયું એટલું જ, બાકી તો બધું સરસ-સરસ છે!' આને કહેવાય હકારાત્મક અભિગમની પરાકાષ્ઠા! માટે આત્મસંતોષ પામવા તીર્થસ્થાનોમાં ભટકવાની જરૂર નથી. ભીતરના તીર્થને જીવંત રાખવાની જરૂર છે. ભીતર જ સાચું અને મોટું તીર્થસ્થાન છે. પત્નીનું 'મૌન' એ સમાધિ અવસ્થા છે અને વિકટ સ્થિતિમાં પણ 'બધું સરસ-સરસ છે' બોલવું એ સાચો કર્મયોગ છે. આપણે બધાં જ એક પ્રકારના 'ઘરગથ્થુ સંતો' છીએ, એવો ભાવ અને સ્વભાવ રાખીએ તો અહીં બધું જ સરસ સરસ છે. પણ આપણે મોક્ષને બદલે મહિનાના અંતે પગાર અને લાઇટ બિલની ચિંતામાં મુક્તિ શોધી રહ્યા છીએ. ઘણીવાર ડૉક્ટર પણ આપણા મેડિકલ રિપોર્ટ્સ તપાસીને એટલું જ કહે છે કે, 'તમારું કોલેસ્ટ્રોલ થોડું વધારે છે અને સુગર બોર્ડર પર છે. બાકી તો બધું 'સરસ સરસ છે!' જલસા કરો મેરે લાલ!'

-: લાસ્ટ બોલ :-

ચમનીયાએ એના દીકરાને એટલું જ કહ્યું કે, સારું ભણશે તો સારી વાઈફ મળશે, માટે ભણવામાં જરા ધ્યાન આપ!

ચમનીયાનો દીકરો ચંપુ કહે, "ડેડ! તમારા જમાનામાં આવી સ્કીમ હતી કે નહીં?"

તારા કપાળમાં કાંદા ફોડું!

- આ લેખમાં પ્રગટ થયેલા વિચારો લેખકના પોતાના છે.

ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

ગુજરાતની રાજનીતિ અને સ્થાનિક સ્વરાજ્યની જવાબદારી

ગુજરાતની રાજનીતિમાં સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓનું વિશેષ મહત્ત્વ છે. મહાનગરપાલિકા, નગરપાલિકા, જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયત જેવી સંસ્થાઓ સીધા સામાન્ય નાગરિકોના જીવન સાથે જોડાયેલી છે. રસ્તા, પાણી, ગટર, સફાઈ, આરોગ્ય અને સ્ટ્રીટલાઇટ જેવી પાયાની સુવિધાઓ પૂરી પાડવાની જવાબદારી તેમની છે. તેમ છતાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓમાં ઘણી વખત વિકાસના મુદ્દા કરતાં પક્ષીય રાજકારણ અને વ્યક્તિગત આક્ષેપો વધારે ચર્ચાય છે.

ચૂંટાયેલા પ્રતિનિધિઓએ પક્ષની વિચારધારા સાથે નાગરિકોની જરૂરિયાતોને પણ પ્રાથમિકતા આપવી જોઈએ. વોર્ડમાં રસ્તા તૂટેલા હોય, ગટર ઉભરાતી હોય કે પીવાના પાણીની સમસ્યા હોય ત્યારે નાગરિકે વારંવાર રજૂઆત કરવી પડે તે યોગ્ય નથી. બીજી તરફ નાગરિકોએ પણ માત્ર ચૂંટણી વખતે જ પ્રતિનિધિઓને યાદ કરવાને બદલે તેમની કામગીરીનો નિયમિત હિસાબ માગવો જોઈએ.

સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં પારદર્શિતા, સમયસર કામ અને ખર્ચની જાહેર માહિતી ઉપલબ્ધ હોવી જરૂરી છે. પક્ષ કોઈ પણ હોય, વિકાસનાં કામોમાં ભેદભાવ ન થવો જોઈએ. સ્થાનિક રાજનીતિ સત્તા મેળવવાનું સાધન નહીં, પરંતુ નાગરિકોની સમસ્યાઓ ઉકેલવાનું માધ્યમ બનવી જોઈએ.

વલસાડ - ભરત રાણા

રસ્તા પર લગ્નમંડપ

લગ્નસરાની મોસમ શરૂ થતાં જ શહેરના અનેક વિસ્તારોમાં જાહેર રસ્તાઓ પર લગ્નના મંડપ ઊભા થઈ જાય છે. કોઈ સોસાયટીના મુખ્ય રસ્તા પર તો કોઈ રહેણાક વિસ્તારની ગલીમાં મંડપ બાંધી દેવામાં આવે છે. લગ્નપ્રસંગ પરિવાર માટે આનંદનો પ્રસંગ છે, પરંતુ તેના કારણે બીજા નાગરિકોને પડતી મુશ્કેલીનો વિચાર પણ થવો જોઈએ.

રસ્તા પર મંડપ બંધાતાં વાહનવ્યવહાર ખોરવાય છે. એમ્બ્યુલન્સ, ફાયરબ્રિગેડ કે અન્ય કટોકટીનાં વાહનોને પસાર થવામાં મુશ્કેલી પડે છે. સ્થાનિક રહેવાસીઓએ પોતાનાં વાહનો લઈને ઘર સુધી પહોંચવા પણ લાંબો રસ્તો કાપવો પડે છે. ઘણી જગ્યાએ આખો રસ્તો જ બંધ કરી દેવામાં આવે છે. જાહેર રસ્તાઓ કોઈ એક પરિવારની અંગત મિલકત નથી.

મહાનગરપાલિકા અને પોલીસ તંત્રએ રસ્તા પર મંડપ બાંધવા માટેના નિયમોનું કડક પાલન કરાવવું જોઈએ. લગ્ન માટે હોલ, પાર્ટી પ્લોટ અને અન્ય યોગ્ય સ્થળોની પસંદગી કરવી જોઈએ. પરવાનગી વગર રસ્તો રોકનાર સામે કાર્યવાહી પણ થવી જોઈએ.

લગ્નની ખુશી બીજાની મુશ્કેલીનું કારણ ન બનવી જોઈએ. જાહેર સુવિધાઓનો ઉપયોગ કરતાં સામાજિક જવાબદારીનું ભાન રાખવું પણ એટલું જ જરૂરી છે.

સુરત - તેજલ પટેલ

તહેવારની ખરીદીનું દેવું

દિવાળી આવે એટલે બજારોમાં ખરીદીનો માહોલ જામે છે. કપડાં, ઘરેણાં, મોબાઇલ, ઇલેક્ટ્રોનિક્સ અને ઘરવખરીની વસ્તુઓ ખરીદવા લોકો ઉત્સાહથી નીકળી પડે છે. હવે રોકડ કરતાં ક્રેડિટ કાર્ડ અને ઈએમઆઈથી ખરીદી કરવાનો ક્રેઝ વધ્યો છે. ખિસ્સામાં પૈસા ન હોય તો પણ કાર્ડ સ્વાઇપ કરીને મનગમતી વસ્તુ ખરીદી શકાય છે. પરંતુ તહેવારનો ઉત્સાહ પૂરો થયા પછી જ્યારે ક્રેડિટ કાર્ડનું બિલ આવે છે ત્યારે ખરીદીનો આનંદ ચિંતામાં ફેરવાઈ જાય છે.

ખાસ કરીને મધ્યમ વર્ગના પરિવારો આવક કરતાં વધુ